હે વડીલ હરિભક્તો, બધાયને આ સૂચના છે કે તમામ વડીલ ભાઈઓ તમારા દીકરાને રવિવારની સભામાં જાવા દેવા. ભવિષ્યમાં તે યુવકો દ્વારે સત્સંગ વધશે. કારણ કે યુવકો ચારિત્રશીલ સારા નીવડે તો જ સૌને ભાર પડે. જો રવિવારે સભામાં આવે તો સારા ચારિત્રવાન થાય. માટે દરેક મા-બાપે રવિવારની સભામાં તમારા બાળકોને સભામાં મોકલવા, તો જ સારા નીવડશે. બે વર્ષમાં બધાય આફ્રિકાના ૫૦૦૦ યુવકોનું સંમેલન ભરવાનું છે. આ પત્રિકા ખરા પ્રેમથી રવાના કરી છે તો બળ રાખજો. એક-મના, એક સંપ ને સુહૃદભાવથી આ પ્રયત્ન કરજો. તેમાં સ્વામીશ્રીજી તથા શાસ્ત્રીજી મહારાજ ઘણાં જ રાજી થશે.

•

**જાન્યુઆરી, ૧૯૭૧, ગોંડલ**

ગોંડલમાં યુવક અધિવેશન, મે-૧૯૭૧માં ભરાશે. વાતો, કીર્તન, વચનામૃત વગેરેની પરીક્ષા લેવાશે. ઈનામો મળશે, ચાંદ મળશે. સંતો કટિબદ્ધ થાય. અત્યારથી તૈયારી કરવી પડે. ૨૦,૦૦૦ યુવકો થવા જોઈએ. લંડનના પેપરમાં જાહેરાત થાય કે જુઓ અધિવેશન સર્વોપરી ભરાયું. આ ગુણાતીત સર્વોપરી સ્થાન તેમાં બધાએ તૈયાર થવાનું છે. શાસ્ત્રી મહારાજ આપણ ગુરુને આગળ રાખીને કાર્ય કરવાનું છે. સર્વોપરી સંમેલન થવું જોઈએ ને એમાં ફેર પડે તો ગુણાતીત બાપા રાજી ન થાય. મે મહિનો, બધાને રજા છે તો બધા યુવકોએ તૈયાર થઈને આવવાનું છે. તો અધિવેશન સર્વોપરી સારામાં સારું કરવું. જેવો મને ઉમંગ છે તેવો ઉમંગ જો બધાને થાય તો જ અધિવેશન સર્વોપરી થાય.

**દા. સાધુ જ્ઞાનજીવનદાસના હેતથી જયશ્રી સ્વામિનારાયણ** ◆

યુવા લેખકોની કલમે...

## ઈન્ટરનેટનો અવિવેક -
## સુનામીનાં મોજાંની ગતિએ વેરે છે ચારિત્ર્યનો વિનાશ...

- જિજ્ઞેશ નાવડિયા (ભાવનગર)

કુશિયાના દરિયાકિનારે તબાહી મચાવતાં સુનામીનાં ૩૨ ફીટ ઊંચાં વિકરાળ મોજાંનું વિનાશક દૃશ્ય જોયાનું યાદ છે ? એ વિનાશક મોજાંઓએ ૧૯,૦૦૦ લોકોનો ભોગ લીધો, તેનાથી પણ અનેકગણા વધારે લોકોને ઘાયલ કર્યા.

સુનામીનાં એ દૃશ્યો યાદ આવતાં જ ઈન્ટરનેટનાં મોજાંઓની પણ યાદ આવી જાય છે. કદાચ આપને પ્રશ્ન થાય કે ઈન્ટરનેટને સુનામીની ઘટનાઓ સાથે શો સંબંધ છે ?

જોકે એ વાત સૌને સ્વીકાર્ય જ છે કે ઈન્ટરનેટની શોધને કારણે લોકોને ઘણી રીતે લાભ થયા છે, પરંતુ વધતા જતા ઈન્ટરનેટના વ્યાપની સાથે તેના વપરાશના અવિવેકને કારણે જ તે વિનાશક પરિબળ બની ગયું છે. એટલે જ સુનામીનાં મોજાંઓ અને ઈન્ટરનેટ બંનેની વિનાશકતા વચ્ચે સામ્યનો સંબંધ છે. જાપાનનાં સુનામી મોજાંએ જે વિનાશ કર્યો તે નજરે જોઈ શકાય તેવો વિનાશ હતો. ઈન્ટરનેટના અવિવેકનાં વિનાશક મોજાં પણ વિનાશ વેરે છે, પરંતુ તે જલદી લોકોની નજરે ચઢતો નથી.

કેવી રીતે વિનાશ વેરે છે ઈન્ટરનેટનાં મોજાંઓ ?

તો આવો, અહીં આપણે ઈન્ટરનેટના વપરાશના અવિવેકથી યુવાનો પર થતાં ખરાબ પરિણામો વિશે ચર્ચા કરીએ.

**અભ્યાસ પર વિપરીત અસર :** થોડાં વર્ષો પહેલાં ઈન્ટરનેટનું આગમન થયું ત્યારે યુવાનો મોટે ભાગે સાઈબર કાફેમાં જઈને ઈન્ટરનેટનો ઉપયોગ કરતા હતા. પ્રમાણમાં તે થોડું ખર્ચાળ પણ હતું. પરંતુ ધીમે ધીમે હવે મધ્યમવર્ગીય ઘરોમાં પણ ઈન્ટરનેટ સામાન્ય બની રહ્યું છે. અને ટુ-જી કે થ્રી-જી ટેક્નોલોજીની સાથે સ્માર્ટ ફોન આવ્યા પછી હવે મોબાઈલ ફોનમાં પણ ઈન્ટરનેટનો વપરાશ વધી રહ્યો છે. પરિણામે ઈન્ટરનેટનો ઉપયોગ નવી પેઢીમાં એટલી હદે વધી રહ્યો છે કે, ઈન્ટરનેટ એક વ્યસન જેવું વળગણ બની રહ્યું છે. અનેક સર્વેક્ષણોએ આ વાત પુરવાર કરી છે. ઈન્ટરનેટની આ આદત કે વ્યસનને કારણે નાનાં બાળકો સહિત યુવાનોના અભ્યાસમાં ખરાબ અસર પડે છે.

૧૩ વર્ષથી વધારે ઉંમરનાં આધુનિક કિશોર-કિશોરીઓ ઈન્ટરનેટ પર મોટાભાગનો સમય ઓનલાઈન ગેમ્સ, બોય કે ગર્લ ફ્રેન્ડ સાથે ચેટિંગ, બીભત્સ(પોર્ન) ફિલ્મો જોવામાં સમય વ્યતીત કરે છે. આને કારણે એક તો, સમયનું ભાન ભૂલતા તેને વાંચવા કે અભ્યાસ કરવાનો નક્કર સમય જ બચવા પામતો નથી. અને બીજું, ઈન્ટરનેટના અવિવેકી ઉપયોગને કારણે તેમનાં મન-મગજ પર માઠી અસર પડે છે. નાનાં બાળકો અને કિશોરોમાં પોર્ન દૃશ્યો જોવાનું પ્રમાણ વધતું જતું હોવાથી તે અભ્યાસમાં એકાગ્રતા લાવી શકતા નથી. અભ્યાસ કરતી વખતે તેણે જોયેલાં બીભત્સ કે અશ્લીલ દૃશ્યો તેને એકાગ્રતાથી અભ્યાસ કરવા દેતા નથી. આ જ રીતે નેટ પર રમેલી ગેમ્સ કે ચેટિંગ વગેરે તેના વિચારોમાં ઘુમરાતા રહે છે, તેથી તે અભ્યાસમાં એકાગ્રતાથી વાંચી શકતો નથી. એટલે તેના અભ્યાસમાં તે નબળો પડે છે. આથી તે નાપાસ થાય છે અથવા તેજસ્વી હોવા છતાં તેના પરિણામ ઉપર ગંભીર અસર જોવા મળે છે.

આમ, ઈન્ટરનેટના અવિવેકને કારણે બાળકો-કિશોરો-યુવાનોના અભ્યાસ પર ખૂબ ખરાબ અસર પડે છે.

**સમયનો બગાડ :** ઈન્ટરનેટના વપરાશના અવિવેકનું બીજું ખરાબ પરિણામ છે - સમયની બરબાદી. વર્તમાન સમયમાં ઈન્ટરનેટ પર સોશિયલ સાઈટ્સ જેવી કે ફેસબુક, ઓરકુટ, ટ્વીટર વગેરે સાઇટ્સ પર યુવાનો ચેટિંગ, સ્ત્રી-મિત્રો સાથે અનહદ સમયનો બગાડ કરે છે. ૨૦૧૦ના ફેબ્રુઆરી સુધીમાં જગતભરમાં ઈન્ટરનેટ વાપરનારા ૧.૭ અબજ લોકો હતા. તેમાં ૨૦% ફેસબુક પર સમય અને શક્તિ વેડફતા હતા. આજે જગતના લોકો જે ઈન્ટરનેટ વાપરે છે તે પૈકી રોજ ૮ અબજ મિનિટ તો ફક્ત ફેસબુક પર જ વેડફે છે ! બાકી ઓરકુટ, ટ્વીટર વગેરે અન્ય વિવિધ સાઇટ્સ દ્વારા ફાલતુ અને હલકી વાતોમાં કે અન્ય વ્યર્થ સાઇટ્સમાં ઈન્ટરનેટનો વપરાશ કરતા સમયનો જે બગાડ થાય છે તેનો આંકડો કાઢવાનું જ અશક્ય છે. એક સર્વેક્ષણ મુજબ હાલમાં ૧૦.૮ કરોડ અમેરિકન લોકો સવાર-બપોર-સાંજ અને રાત્રિનો સમય ઈન્ટરનેટ પાછળ વેડફે છે. મદ્રાસનું 'બિઝનેસ લાઇન' મેગેઝિન કહે છે કે, ભારતમાં ૩૦૮ કરોડ ભારતીયો ફેસબુકનો વપરાશ કરે છે. યુવાનો આવા સમયનો બગાડ કરીને પોતે અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરતા નથી.

**ચારિત્ર્યહનન અને પ્રેમસંબંધો :** વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણના ૧૮માં ભગવાન શ્રી સ્વામિનારાયણે સાત માળની હવેલીનું દૃષ્ટાંત આપીને ચારિત્ર્ય શુદ્ધ રાખવા માટે સંગશુદ્ધિની વાત કરી છે. જે વ્યક્તિ જેવાનો સંગ કરે છે તેવું તેનું અંતઃકરણ થાય છે. કોઈ વ્યક્તિ, કામ, ક્રોધ વગેરેથી વાસનાથી દૂષિત એવા વાતાવરણનો સંગ કરે ત્યારે તેનું તે પ્રકારનું અંતઃકરણ થાય છે.

ઈન્ટરનેટે વર્તમાન સમયમાં આવી જ ખરાબ પરિસ્થિતિનું સર્જન ઘરોઘર કર્યું છે. ઈન્ટરનેટ દ્વારા કેવી કેવી વ્યક્તિઓનો કુસંગ સહજતાથી થાય છે તેની ઈન્ટરનેટ વાપરનારાઓને ખબર પણ નથી હોતી. વળી, ઈન્ટરનેટ પર યુવાનોની એક નબળી કડી હોય તો તે છે - બીભત્સ (પોર્ન) દૃશ્યો અને ફિલ્મો તેમજ હોરર ફિલ્મો. અવિવેકને કારણે યુવાનો તેમાં ગળાડૂબ રહે છે અને પોતાનું અંતઃકરણ ખરાબ કરે છે. અંતઃકરણ ખરાબ થતાં તેનું ચારિત્ર્ય પણ તે પ્રકારનું ખરાબ થાય છે. ફિલ્મોમાં જોયેલી ખૂન, મારામારી, બીભત્સતા વગેરેનું અનુકરણ કરે છે અને ખરાબ પરિણામ લાવે છે. હાલમાં ગુજરાતમાં ૧૭૯ કેસ એવા નોંધાયેલા છે, જેની ઉંમર ૧૮ વર્ષથી નાની છે અને તે ખૂન, બળાત્કાર, મારામારીમાં સંકળાયેલા છે. (૧) ઇંગ્લેંડના એક બાળક માઈકલ સ્યાને 'ફર્સ્ટ બ્લડ' નામની ફિલ્મ જોઈ, તેના હીરો સેલ્વેસ્ટર સ્ટેલોનની જેમ આઠ કલાકમાં ૧૯ ખૂન કરી નાખ્યા. લંડનનું વિખ્યાત વર્તમાનપત્ર ડેઈલી ટેલિગ્રાફ ૨૦-૧-૧૧ના રોજ લખે છે કે, બ્રિયાન લુવીસ નામની વ્યક્તિની પત્ની હેયલી ઈન્ટરનેટમાં ફેસબુક પર વધારે પડતો સમય

ગાળતી હતી, એટલે તેના પતિએ શંકાની દૃષ્ટિએ તેના ચાર બાળકો સહિત તેને મારી નાખી. આવી બધી ઘટનાઓની સંખ્યા અત્યારે છે તેના કરતાં ટૂંકા ભવિષ્યમાં જ અગણિત થઈ ગઈ હશે.

વળી, ઇન્ટરનેટ પર યુવાનોને ફસાવવા માટે સ્ત્રીમિત્રો બનાવવા માટેની લાલચો આપવામાં આવે છે, જેનાથી યુવાનોના સમય, ચારિત્ર્ય અને નાણાંનો ખૂબ બગાડ થાય છે. યુવાન અવસ્થામાં કારકિર્દી બનાવવાને બદલે આવા સંબંધોમાં પડીને પોતાનું જીવન બરબાદ કરે છે. પરિણીત યુવાનો પણ પોતાના સંસારમાં આગ ચાંપે છે. બે ઉદાહરણો : (૧) ટ્રેસી ગ્રીનહાફે પ્રેમલગ્ન કરેલાં. તેને બે પુત્રી પણ હતી. ટ્રેસી ગ્રીનહાફ ઇન્ટરનેટ દ્વારા ફેસબુકમાં બીજા સાથે પ્રેમસંબંધોમાં લપેટાઈ ગઈ. પતિએ તેને મારી નાખી અને પોતે આપઘાત કર્યો. (૨) ટ્રિનિદાદમાં રહેતો પોલ બ્રિસ્ટર જે ઇન્ટરનેટ દ્વારા ફેસબુક પર લંડનમાં રહેતી પરિણીત કેમિલિ સાથે પ્રેમમાં પડ્યો. ત્યારબાદ કેમિલિ બીજા સાથે પ્રેમમાં પડી છે. તે જાણતાં પોલબ્રિસ્ટરે લંડન આવીને કેમિલિને છરીના ૨૦ ઘા મારીને હત્યા કરી નાખી.

**કૌટુંબિક સંબંધો અને વિકાસ પર અસર :** ઇન્ટરનેટની આ માયાજાળમાં કિશોરો વધારે સમય ઇન્ટરનેટ પર ગેમ રમે છે. તે કિશોર કુટુંબમાં માતાપિતા, ભાઈબહેન સાથે વાતચીત, રમત-ગમત કરવાને બદલે ગેમ રમવામાં જ પડ્યા રહે છે. જેનાથી તે એકલવાયો થઈ જાય છે. તથા ગેમમાં મારામારી, ખૂન, વગેરે આવતું હોવાથી તેનો સ્વભાવ પણ ચીડિયો અને ક્રોધિત થઈ જાય છે. ઇન્ટરનેટ પર વધારે પડતો સમય બેસી રહેવાથી કિશોરોને આંખના નંબર આવે છે ને આંખને નુકસાન કરે છે. તથા તે બાહ્ય મેદાનની રમતગમત ન રમતો હોવાથી તેની શારીરિક કસરત પણ થતી નથી.

**વાંચન અને વિચાર :** ઇન્ટરનેટ પર જે વિશે માહિતી મેળવવી હોય તે અંગે સર્ચ કરતાં તે માટેની હજારો ફાઇલ પૂરી પાડવામાં આવે છે. આથી કિશોરોમાં પુસ્તકવાંચનમાં ઘટાડો થતો જોવા મળે છે. ઇન્ટરનેટ પર તૈયાર મટીરિયલ્સ મળતું હોવાથી તેણે કિશોરોના મગજ પર કબજો જમાવી દીધો છે. તેથી કિશોરો નવું વાંચવાને બદલે સીધું ઇન્ટરનેટ પરથી તૈયાર નકલ કરવા લાગ્યા છે. તેની વિચારવાની આંતરિક શક્તિનો વિકાસ થતો નથી. તેને નવા ક્રીએટિવ આઇડિયા આવતા નથી. તે વિચારથી ઇન્ટરનેટનો ગુલામ થઈ જાય છે.

આવા સંજોગોમાં ઇન્ટરનેટનો ઉપયોગ કરવાનો વિવેક પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ શીખવે છે. તેઓ કહે છે કે, 'આપણા ચારિત્ર્ય કે આપણા નિયમ-ધર્મનો લોપ થાય એવી પ્રવૃત્તિ કરવી જ નહીં. એમાં પ્રગતિ લાગતી હોય તોય તે અધોગતિ જ કરાવે છે.'

આવો, આપણે પણ સ્વામીબાપાના આદર્શ યુવાનો બી.એ.પી.એસ.ના ચારિત્ર્યવાન યુવાનો બનીને સૌને માટે એક આદર્શ બની રહીએ અને સ્વામીશ્રીજીને રાજી કરીએ. અસ્તુ...◆

# 3.

## દિવ્ય અને અવિસ્મરણીય પ્રભાવ : શાસ્ત્રીજી મહારાજનો...

- ભારતરત્ન શ્રી ગુલઝારીલાલ નંદા
- શ્રી ભાઈલાલભાઈ પટેલ

આગામી વસંતપંચમીએ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો ૧૪૬મો જન્મોત્સવ ઊજવાશે, પરંતુ ૧૪૬ વર્ષ પછીય તેઓના દિવ્ય વ્યક્તિત્વ ને પ્રભાવનો ઇતિહાસ જાણે ગઈ કાલનો જ હોય તેવો તાજો અનુભવાય છે. આજે ૧૦૦ વર્ષો પછી પણ, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના એ સંસ્થાપકની દિવ્ય ચેતના સંસ્થાના વિરાટ વિગ્રહમાં ચૈતન્ય વહાવી રહી છે. તેઓના તે દિવ્ય પ્રભાવથી પ્રભાવિત થનારા અનેક મહાનુભાવો પૈકી શ્રી ગુલઝારીલાલ નંદા ભારતના ઇતિહાસનું એક મહત્ત્વપૂર્ણ પૃષ્ઠ છે. બે વખત ભારતનું કાર્યકારી વડાપ્રધાનપદ મેળવનાર, સંનિષ્ઠ રાષ્ટ્રસેવક અને ભારતરત્નનું બહુમાન મેળવનાર શ્રી નંદાજી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના એક સંનિષ્ઠ ભક્ત હતા. તેમના જીવનમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પાથરેલો પ્રભાવ તેમના જ શબ્દોમાં અહીં પ્રસ્તુત છે. વસંતપંચમીએ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને એક સ્મરણાંજલિ...

મારા કુટુંબમાં સ્વામિનારાયણ સત્સંગ નહોતો. પેઢીમાંય નહીં... કંઈક ભગવાનની ઇચ્છાથી સામાન્ય નિમિત્તથી જ હું શાસ્ત્રીજી મહારાજને મળ્યો. ભગવાં ધારણ કરેલ ઘણા સાધુસંતોને હું મળેલો, અનેક સંપ્રદાયનાં ધાર્મિક પુસ્તકો મેં વાંચેલાં. બી.એ.માં અભ્યાસ કરતો હતો ત્યારે સ્વામી રામતીર્થનાં પુસ્તકો વાંચતો હતો. ધાર્મિક પુસ્તકો વાંચવાની રુચિ ખરી, પણ સમજવાની વાત નહીં. આર્ય સમાજ તથા ઉદાસી પંથના માણસોના સંસર્ગમાં આવેલો. ૧૯૩૨માં રાધાસ્વામી સંપ્રદાયનાં પુસ્તકો વાંચવામાં આવ્યાં, ઇચ્છા જાગ્રત થતાં આગ્રા ગયો - મળ્યા. સંસ્થા ઘણી સારી પણ ત્યાંથી કંઈ સારી છાપ લઈને પાછો ફર્યો નહીં.

૧૯૩૪માં પ્રૉ. જેઠાલાલ સ્વામિનારાયણે અમદાવાદ શાહપુરમાં પૂજ્ય જેઠીબાને (શ્રી ખેંગારજીભાઈનાં માતુશ્રી) સમાધિ થતી હતી તે વાત શ્રી આયંગર(લેબર કમિશનર)ને કરેલી. શ્રી આયંગર સાથે હું શરૂઆતમાં શ્રી ખેંગારજીભાઈને ઘેર, સમાધિ જોવા ગયો હતો. સમાધિ અંગે ઘણું સાંભળેલું, છતાં શંકા રહેતી. તેથી પૂજ્ય જેઠીબા જ્યારે સમાધિમાં બેઠાં ત્યારે મેં પૂછ્યું. તેમણે કહ્યું, 'હવે શાસ્ત્રીજી મહારાજ અમદાવાદ પધારે ત્યારે તેમને મળવું. તેમની કૃપાથી આ બધું બને છે.'

પછી શાહપુર આમલીપોળમાં સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરવા ગયો. ફરીથી દર્શને ગયો ત્યારે પાછળ બેઠો હતો. ત્યારે સ્વામીશ્રીએ બોલાવી દૃષ્ટિ કરી અને કહ્યું, 'તમો આજના નથી, તમો તો મહારાજના વખતના જૂના સંબંધવાળા છો.' આ પહેલાં હું ઘણા મહાત્માઓને મળ્યો હતો, પરંતુ અહીં તો પ્રથમ દર્શને જ સ્વામીશ્રીનું આકર્ષણ થયું. ત્યારપછી તેઓ જ્યારે જ્યારે અમદાવાદ પધારતા ત્યારે હું તેમનાં દર્શને જતો અને તેમનાં દર્શનથી શાંતિ અનુભવતો. વળી, સંપ્રદાયના તત્ત્વજ્ઞાન કે ઉપાસના સંબંધી પણ જે જે શંકાઓ થતી તે તેમના પ્રસંગથી દૂર થઈ જતી.

હું જિજ્ઞાસા વૃત્તિથી જ ગયેલો. કોણ જાણે શું થયું ? ત્યારથી જ સંબંધ બંધાયો. આંતરિક શક્તિથી ખેંચાણ થતાં તેમની પાસે આવવાની ઇચ્છા થતી અને હું આવતો.

મને સ્વામીશ્રીનાં દર્શન કરવાનું અને તેમનો સમાગમ કરવાનું ગમતું. બીજી પ્રવૃત્તિમાં કાંઈ રસ ન હતો. સ્ત્રીઓના પ્રશ્ન અંગે શંકા થતી કે આ સંપ્રદાયમાં સ્ત્રીઓના સંસર્ગનો સાધુઓને નિષેધ કર્યો છે તો તે સ્ત્રીઓનું કલ્યાણ શી રીતે થાય? પરંતુ સ્વામીશ્રીના સમાગમથી આ શંકા દૂર થઈ ગઈ. સ્ત્રીઓમાં શ્રદ્ધા અને સમજણ દૂરથી પણ જાગ્રત થાય. તેમનામાં ભક્તિ પ્રગટ થાય અને એ રીતે તેમનું કલ્યાણ થાય. સ્ત્રીઓ સાથેના સીધા સંપર્કથી નાના કે અણસમજવાળા સાધુઓની વૃત્તિ બગડે, અને અંતે ભ્રષ્ટાચાર ઉત્પન્ન થાય. આ સમજણથી મારી શંકાઓનું સમાધાન થઈ ગયું. કેટલીક વખત નિર્ગુણદાસસ્વામી જોડે પણ ચર્ચા થતી. શ્રી અંબાલાલ સારાભાઈ (ડૉ. વિક્રમ સારાભાઈના પિતાશ્રી અને વિખ્યાત ઉદ્યોગપતિ) પણ સ્વામીશ્રીની વાત મારી પાસેથી સાંભળી બે ત્રણ વખત સ્વામીશ્રીનાં દર્શને આવેલ. શાસ્ત્રોનાં કે બીજા કોઈપણ પ્રમાણો કરતાં પણ સ્વામીશ્રી સત્યવક્તા છે એટલા જ ભાવથી તેઓ સ્વામીશ્રીની વાતો સાંભળતા અને સ્ત્રીઓના કલ્યાણ અંગેની તેમની શંકાનું પણ સમાધાન તેમને થઈ ગયું હતું.

૧૯૩૩થી ૧૯૪૨ સુધી આ પ્રમાણે ચાલ્યું પણ ત્યાં સુધી વર્તમાન ધરાવેલ નહીં ! ૧૯૪૪માં વર્તમાન ધરાવેલ. સત્સંગમાં ચર્ચા થાય ત્યારે મારા મનમાં ઘણા વાંધા ઊઠે. મગજ કબૂલ કરે નહીં. નિર્ગુણ સ્વામી સાથે વાતચીતનો પ્રસંગ થતો. રામકૃષ્ણ વગેરે ઘણા ભગવાન થઈ ગયા તો પછી હવે સ્વામિનારાયણ ભગવાન નવા શા માટે ? મહારાજને ભગવાન માનતો નહીં. પૂજ્ય સ્વામીશ્રી કહેતા કે કોઈ વખતે ગેડ બેસશે. પછી પ્રશ્નો થતા કે ગુણાતીત સ્વામી શા માટે ? ક્યારે આ શંકાઓ ગઈ, હું ક્યારે માનતો થયો તેની કંઈ ખબર પડી નહીં. આંતરિક રીતે જ ધીમેધીમે સ્વામીશ્રીના પ્રસંગથી બધું થઈ ગયું.

મનમાં વિશ્વાસ, એટલે વચનામૃત વાંચવાથી તૃપ્તિ થતી. ૧૯૪૨માં (સ્વતંત્રતાની ચળવળમાં હિંદ છોડો આંદોલનમાં) જેલમાં ગયો ત્યારે પૂજ્ય સ્વામીશ્રીને મળીને ગયેલો. સ્વામીશ્રીએ તે વખતે કહેલું કે તમે જાઓ, અમે તમારી સાથે જ છીએ. ત્યારથી નિયમો શરૂ કર્યા તે આજ સુધી ચાલે છે. જેલમાં માંદગી વખતે સત્સંગિજીવન વાંચી ગયો. શિક્ષાપત્રી, વચનામૃત, સ્વામીની વાતોમાં જે લખ્યું છે તે બધાં શાસ્ત્રોનો સાર અને નિચોડ છે, એમ મને લાગ્યું. ગૂઢમાં ગૂઢ વાત પણ એમાં સરળ રીતે દર્શાવી છે. ચારિત્ર્ય મોટી વસ્તુ છે. એના ઉપર ઘણો ભાર શ્રીજીએ મૂક્યો છે.

લગભગ છેલ્લાં સોએક વર્ષથી લોકોને ધર્મ ઉપર લાગણી ઓછી થતી જણાઈ છે. સાધુઓ ખાવા-પીવામાં જ મસ્ત હોય છે. એમાં પડવા જેવું નથી એવી માન્યતા. ભણેલાઓની ધર્મ તરફ ગ્લાનિ, લોકસેવા એ જ ધર્મ - એવી સામાન્ય માન્યતા પ્રવર્તતી હતી. એ સ્થિતિમાં મેં અહીં સદાચાર ઉપર શબ્દે શબ્દે ભાર મૂકેલો જોયો. સત્સંગીઓમાં સાદાઈ, એકબીજા પ્રત્યે પ્રેમ જોયાં. શ્રીજીમહારાજે નીચલા વર્ગની જાતિને સુધારી ઉપર આણી. હું પણ

મજૂરવર્ગની ચળવળમાં રસ લેતો એટલે એ વાત મને ખૂબ ગમતી. શ્રીજીમહારાજે ૫૦૦ પરમહંસો ભેગા કર્યા, મોટા મોટા વિદ્વાનોને પોતાના તરફ ખેંચી લેતા. તેમનામાં રહેલી અસાધારણ શક્તિથી લોકો મુમુક્ષુઓ ખેંચાઈ જતા. મહારાજ અસત્ય બોલે જ નહીં. માટે મને લાગ્યું કે એ કહે તેમ માનવું અગર ફેંકી દેવું. તે બે સિવાય વચલો માર્ગ મારે માટે હોઈ શકે નહીં. વચનામૃતનાં ઉપદેશ, વચન અન્ય અધ્યાત્મ પુસ્તકોના ઉપદેશ કરતાં ઊંચામાં ઊંચી કોટિનાં છે. મહારાજે પોતા માટે જે કહ્યું છે તે બરાબર છે, તે નક્કી કર્યું. બે, ચાર, દસ ઠેકાણે મહારાજે પોતા માટે સ્પષ્ટ રીતે કહી દીધું છે કે પોતે સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમ છે.

પૂજ્ય શાસ્ત્રીજી મહારાજમાં અજબ આકર્ષણ-શક્તિ અને પ્રેમ હતાં. મારામાં રજોગુણ પ્રધાન. કંઈ કામ ન થાય તો ચિંતા રહ્યા કરે. સ્વભાવ મુકાય નહીં. પણ સ્વાર્થ મૂકીને સ્વતંત્રતાની ચળવળમાં જોડાયો. ક્યારેક અહંકારમાંથી ક્રોધ, ઈર્ષા વગેરે થાય તે લઈને સ્વામીજી પાસે આવીને બેસું. મને તેઓ પારખી જાય. બીજાને વાત કરતા હોય પણ મારા મનનું સમાધાન કરવા માટે જ જાણે વાત ન કરતા હોય તેમ મને લાગતું. આપણને જોઈને જ અંતર્યામીરૂપે કેમેરાની માફક આપણા મનના વિચારો ઝડપી લઈ વાતો કરે તેમ સ્પષ્ટ જણાય. તેથી શાંતિ શાંતિ થઈ જાય. સ્વામીશ્રી પૂરેપૂરા અંતર્યામી અને સર્વજ્ઞ છે તેવો અનુભવ મને અસંખ્યવાર અને કાયમ થયો હતો. બધા હરિભક્તો આવે ત્યારે હાર, ફળફળાદિ લાવે અને હું તો ખાલી હાથે આવું. એ સંબંધી મનમાં વિચાર થયો કે એમણે એ વિચાર પકડી પાડી વાત કરી કે લોકો હાર, પ્રસાદ વગેરે લાવે પણ મનમાં રુચિ, પ્રેમ હોય તે જ ખરું. જેથી મારા મનના સંકલ્પનો જવાબ મળી ગયો.

એક વખત રઢુમાં સ્વામીશ્રી પાસે હું બેઠેલો. તે વખતે સ્વામીશ્રી પૂજા કરતા હતા. તેમની પૂજામાં એક કપડું હતું. સ્વામીશ્રી કહે કે આ મહારાજની પાઘમાંનો પ્રસાદીનો કટકો છે. ત્યારે મને વિચાર થયો કે આ મહામૂલી પ્રસાદીના કટકામાંથી જરા જેટલો મને સ્વામી આપે તો ? પછી તરત જ બીજો વિચાર થયો કે મારા કરતાં વધારે સેવાભાવી અને તેને લાયક બીજા છે, માટે મારે શા માટે તે લેવા વિચાર કરવો ? એમ કરી મનનું સમાધાન કર્યું. ત્યાં તો સ્વામીશ્રીએ અંતર્યામીરૂપે મારા મનની વાત જાણી સાધુને 'કેંચી' લાવવા કહ્યું. સાધુએ કાતર આણી આપી. કાતરથી થોડો ટુકડો મને કાપી આપ્યો. આ રીતે સ્વામીશ્રીએ અંતર્યામીપણે ખૂબ સુખ આપેલું.

હું ધ્યાન કરવા બેસું પણ મહારાજની મૂર્તિનું ધ્યાન થતું નહીં, શાસ્ત્રી મહારાજનું થતું. જેલની અંદર મારી શારીરિક ઘણી વિકટ પરિસ્થિતિમાં એમની સ્મૃતિથી મારી રક્ષા થતી એમ હું અનુભવતો.

(૧૯૪૨ની સ્વતંત્રતાની ચળવળ દરમ્યાન) જેલમાંથી પાછા આવ્યા બાદ તેમને સીધો જ મળવા અટલાદરા ગયો. ત્યાં ન મળ્યા એટલે સાંકરદા જવા નીકળ્યો ત્યારે રસ્તામાં જ રણોલી સ્ટેશને તેઓનો ભેટો થઈ ગયો. મેં કહ્યું કે મારે હવે પાછું ઘેર જવું નથી. મને તેમણે ખૂબ સમજાવી આશ્વાસન આપી ઘેર જવા આજ્ઞા આપી જણાવ્યું કે અમે તમારી સાથે જ છીએ.

શ્રીજીમહારાજે લખ્યું છે કે બ્રહ્મરૂપ થયા સિવાય અક્ષરધામની પ્રાપ્તિ થતી જ નથી. નિર્વાસનિક થયા સિવાય પુરુષોત્તમની સેવામાં રહેવાતું નથી. સત્સંગમાં જે છે તેમનું બધાનું કલ્યાણ તો છે જ. બીજ વાવ્યું છે તે ઊગશે. આ ને આ જન્મે જો બ્રહ્મરૂપ થવા ધારીએ તો થઈ શકાય તેમ છે કારણ આપણને એવા મહાપુરુષ મળ્યા છે. પણ ગાફલાઈમાં રહીએ તો લંબાય. એક જન્મે બ્રહ્મરૂપ થવા સગવડ હોય તો શા માટે તે લાભ ન લેવો ? સગવડ ન હોય તેને માટે વાત જુદી છે. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય યોગીજી મહારાજ સર્વ ખામી ટાળે એવા છે, ત્યારે આપણે પ્રયત્ન ન કરીએ તો બેવકૂફી ગણાય.

રોજબરોજ લોભ, અદેખાઈ, અહંકાર વગેરે જે ચીજો નડે છે તે દેખાય છે. પણ કોઈ શક્તિ તેમાંથી બહાર કાઢે છે, આગળ લઈ જાય છે. આપણને આમ સ્વચ્છ કરે ત્યારે લાગે કે કોઈ શક્તિ કાર્ય કરી રહી છે. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજથી આપણું આ કામ થઈ રહ્યું છે. આપણે આગળ વધી રહ્યા છીએ એ તો મારો પોતાનો જાત અનુભવ છે.

સ્વામીશ્રીના પ્રસંગમાં આવતો ગયો તેમ કુદરતી રીતે જ અંગ બદલાઈ ગયું. કોણ જાણે ક્યારે તે થયું ? ને કેમ થયું ? તેની આજે પણ કંઈ સમજ પડતી નથી.

સને ૧૯૩૮માં હું મુંબઈ રાજ્યના પ્રધાનમંડળમાં પાર્લામેન્ટરી સેક્રેટરી હતો. મરીનડ્રાઇવ પાસે રહેતો હતો. તે અરસામાં મારાં માતુશ્રી લાહોરમાં ગુજરી ગયાં તેથી હું લાહોર ગયો હતો અને ત્યાંથી પાછો આવ્યો ત્યારે સ્વામીશ્રી મુંબઈ પધાર્યા હતા. મારે ઘેર પધાર્યા અને ગલીમાં જતાં મારો હાથ પકડ્યો અને એકદમ બોલ્યા કે, 'તમારાં માતુશ્રીની સારી ગતિ થઈ છે.' સ્વામીશ્રીના આ શબ્દો સાંભળી મને ખૂબ જ શાંતિ થઈ. મજૂર પ્રવૃત્તિમાં કે બીજી બાબતોમાં મન ગૂંચવાયેલ હોય અને તે વખતે તેમને મળવા જતો ત્યારે તરત કહી દેતા કે, 'તમારા મનમાં શાંતિ નથી.' તેઓ બધું સમજી જઈ પ્રેરણા દેતા હોય તેમ આશીર્વાદ આપતા.

મુંબઈ રાજ્યમાં હું મજૂર પ્રધાન હતો ત્યારે સ્વામીશ્રી અઢી માસ મારે ત્યાં મારી વિનંતીથી રહ્યા હતા. સ્વામીશ્રીને તે વખતે બીમારી હતી. ડૉ. ગિલ્ડર સાહેબના ક્લિનિકમાં સ્વામીશ્રીને લઈ જઈ સ્ક્રીનિંગ કરાવ્યું, ત્યારે ડૉ. ગિલ્ડર સાહેબે કહ્યું કે 'હૃદયમાં ટ્યુમરની ગાંઠ છે.' આથી મને ખૂબ ચિંતા થઈ, અંતરમાં દુઃખ પણ થયું. બીજે દિવસે વિશેષ તપાસ માટે ફરી ડૉ. ગિલ્ડરના ક્લિનિકમાં ગયા. ફરી જોયું તો ટ્યુમરની ગાંઠ દેખાતી જ ન હતી. આથી અમને સૌને ખૂબ આશ્ચર્ય થયું. આનંદ પણ થયો, પરંતુ ગિલ્ડર સાહેબે સ્વામીશ્રી સંપૂર્ણ આરામ લે તેવી ભલામણ કરી હતી. આથી મારા બંગલામાં તેઓ આરામ કરતા. આથી તેમનાં દર્શન અને સમાગમનું સુખ સારું મળતું.

તે અરસામાં એક વખત સ્વામીશ્રીએ મને કહ્યું, 'તમને અમારે દિલ્હી મોકલવા છે અને તમારા દ્વારા ઘણાં કામ મહારાજ કરાવશે.' મેં કહ્યું, 'દિલ્હી તો એમ શી રીતે જવાય?' સ્વામીશ્રીએ ચપટી વગાડી કહ્યું, 'પ્રભુ પલમાં ચાહે સો કરે.' બીજે જ દિવસે ન્યૂ દિલ્હીથી તાર આવ્યો કે, 'પ્લાનિંગ કમિશનના ડેપ્યુટી ચેરમેન તરીકેની મારી નિમણૂક થઈ છે.'

સ્વામીશ્રીને તાર બતાવ્યો. સ્વામીશ્રી બહુજ રાજી થયા અને કહ્યું, 'મહારાજની ઇચ્છાથી થયું છે માટે ખુશીથી જાઓ.'

આ પ્રસંગની અગાઉ જ્યારે શ્રી બાલાસાહેબ ખેર સ્વામીશ્રીનાં દર્શન કરવા મારે બંગલે પધાર્યા ત્યારે પણ સ્વામીશ્રીએ મને સંબોધીને કહ્યું હતું કે,

'તમો દિલ્હી જાઓ અને સદાચારની પ્રવૃત્તિ આખા દેશમાં પ્રવર્તાવજો.' ત્યારબાદ મારા દિલ્હી જવાના પ્રસંગે સ્વામીશ્રીએ મને આશીર્વાદ આપી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ ભેટ આપી કહ્યું હતું કે, 'જાઓ, મહારાજ તમારી ભેગા છે.'

અટલાદરામાં સ્વામીશ્રીના મંદવાડ વખતે હું દર્શને ગયો હતો. મને ખબર નહોતી પણ અંતિમ મિલન હતું. મને સ્વામીશ્રીએ પોતાની પાસે પલંગ ઉપર બેસાર્યો. મને ભેટ્યા અને આંસુ સારતાં કહ્યું, 'હવે ફરીથી ક્યારે મળાશે ?' ગઢડાનું કામ હજુ બાકી છે. તમો દેખરેખ રાખશો.' આ મિલન છેવટનું જ હતું. તેથી ફરી વખત અત્યંત ભાવથી મળ્યા. ઘડી પાછા ચોકમાં આવ્યા. અને સાજા હોય તેમ હસતે મુખે વાતો કરવા લાગ્યા. જાણે કાંઈ જ બીમારી નથી. પછી મેં પૂછ્યું, 'મારે કાંઈ વાત પૂછવી હોય કે મનનું સમાધાન કરવું હોય તો શું કરવું ? કાંઈક રસ્તો બતાવો.' એટલે સ્વામીશ્રીએ કહ્યું, 'આ જોગી મહારાજ તમારા માટે રોજ અગિયાર માળા ફેરવશે ને તેથી તમારાં સર્વ કાર્યો નિર્વિઘ્ને પાર પડતા રહેશે.'

સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે આ જોગીમહારાજ સાધુતાની મૂર્તિ છે અને સમાગમ કરવા જેવા છે. ગોંડળ જઈ તેમનો સમાગમ કરવો. આથી ગોંડળ અક્ષરમંદિરમાં દર્શને હું ગયો. અક્ષરમંદિરના સ્થાનનો પૂજ્ય જોગી મહારાજે મહિમા સમજાવ્યો હતો તે હજુ પણ સ્મૃતિમાં છે.

અટલાદરાથી સારંગપુર જતાં અમદાવાદ સ્ટેશને છેલ્લાં દર્શન થયાં. સ્વામીશ્રીની બીમારી જોઈ રડી પડાયું. ગદ્‌ગદ કંઠે પૂછ્યું ''મારે હવે કોનો સહારો?' સ્વામીશ્રીએ મારો હાથ પકડી જોગી મહારાજના હાથમાં સોંપ્યો અને કહ્યું, 'આ જોગી મહારાજ તમારી અખંડ રક્ષા કરશે.' એ અંતિમ દર્શન હતાં. ત્યારબાદ થોડા મહિના બાદ સ્વામીશ્રી ધામમાં પધાર્યા.

હવે જોગી મહારાજનાં ચરણમાં છીએ. શાસ્ત્રી મહારાજની માફક તેમની કૃપા રહે છે અને તેઓશ્રી મદદ તેમજ રક્ષા કરે છે.

**(સ્વામિનારાયણ પ્રકાશ, જૂન, ૧૯૫૫ તેમજ**
**'યજ્ઞપુરુષ સ્મૃતિગ્રંથ'માંથી સંકલિત.)**

## સાધુતા અને સહિષ્ણુતાના શિખર શાસ્ત્રીજી મહારાજ

ગુજરાતની વિખ્યાત શિક્ષણનગરી વલ્લભવિદ્યાનગરના સ્થાપક અને પ્રખર રાષ્ટ્રવાદી નેતા શ્રી ભાઈલાલભાઈ પટેલ(ભાઈકાકા)ની કલમે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સ્વાનુભવની એક વાત...

પૂજ્ય શાસ્ત્રીમહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજી સન ૧૯૦૩માં સોજિત્રા આવેલા અને ભાગવતનું પારાયણ શરૂ કરેલું. એમના પારાયણ વખતે વાત કરવાની શૈલી એટલી સુંદર હતી કે ગામના સત્સંગીઓ સિવાયના પણ ઘણા ગૃહસ્થો અમને સાંભળવા માટે આવતા હતા. પારાયણ દરરોજ સાંજના પાંચેક વાગે શરૂ થતું, અને તે લગભગ આરતીના સમય સુધી ચાલુ રહેતું. ત્યારપછી તો આરતી વગેરેનો રોજનો ક્રમ શરૂ થતો. વાળુપાણી થયા પછીથી વચનામૃત વંચાતાં. મારી ઉંમર તે વખતે ચૌદ-પંદર વર્ષની ખરી. મને પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની વાતોમાં બહુ રસ પડતો. વચનામૃત વાંચ્યા પછીથી થોડીક વાતો થતી, કીર્તનો બોલાયા પછી રાત્રે લગભગ ૧૧ના સુમારે સત્સંગીઓ વીખરાતા. હું લગભગ બધા સત્સંગીઓ વીખરાતા તે વખતે મંદિરમાંથી ઊઠતો.

પૂજ્ય શાસ્ત્રી મહારાજની એક પદ્ધતિ એવી હતી કે વચનામૃત વંચાઈ ગયા પછીથી એમાં શું કહ્યું હતું તેનો સાર બોલી જવા સત્સંગીઓને કહેતા અને પછીથી એના ઉપર પોતે વિવેચન કરતા. તે વખતે મારી યાદદાસ્ત સારી હતી. એટલે હું તો આખું વચનામૃત લગભગ અક્ષરેઅક્ષર બોલી જતો. આથી શાસ્ત્રીજી મહારાજ મારા ઉપર ખૂબ જ રાજી રહેતા હતા. કીર્તનમાં તો ઘણુખરું તો પૂજ્ય નિષ્કુળાનંદ સ્વામીની ચોસઠપદીનાં ચાર પદ દરરોજ વારાફરતી બોલાતા. કોઈ વખત પ્રેમાનંદ સ્વામીએ લખેલાં શ્રીજીમહારાજનાં સામુદ્રિક લક્ષણો સાથેનાં પદ પણ બોલાતાં. અને કોઈ કોઈ વખત તો રાત્રે શ્રીજીમહારાજનાં વિરહનાં પદ જે પ્રેમાનંદ સ્વામીનાં રચેલાં છે તે બોલાતાં. આ રીતે સાંજના પાંચથી તે રાતના અગિયાર સુધી તો સતત એકધારો કાર્યક્રમ રહેતો હતો.

પૂજ્ય શાસ્ત્રી મહારાજ તો બાળ બ્રહ્મચારી હતા, બ્રહ્મચર્યનું તેજ ચમકતું હતું. જમવામાં રસોઈની બધી વાનગીઓ ભેગી કરી, તેને ચોળી નાંખી એમાં ખોબો ભરીને પાણી રેડીને જ જમતા. એમનું આ રીતનું વર્તન બીજા સાધુઓને જરા ભારે પણ પડતું.

આના મૂળમાં તો એક જ કારણ હતું અને તે ગુરુપરંપરા. શ્રીજીમહારાજ પાસે તો પાંચસો નંદ સાધુઓ હતા, પરંતુ તેમાંય ગુણાતીતાનંદ સ્વામીની પાછળ શિષ્ય પરંપરા જળવાઈ રહી હતી. પૂજ્ય ગુણાતીતાનંદ સ્વામીના મુખ્ય શિષ્યોમાં પ્રાગજી ભક્ત  હતા. જાગા ભક્ત પાસે પણ પૂજ્ય યજ્ઞપુરુષદાસજી શિષ્યભાવે બેસતા હતા. આ પ્રમાણે પૂજ્ય શાસ્ત્રીજી મહારાજને ત્યાગ, વૈરાગ્ય અને તપના પાઠ ગુરુપરંપરા પ્રમાણે મળેલા હતા અને તેની સાથે ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે એ જાતની ઉપાસના પણ દૃઢ થઈ હતી. સંપ્રદાયના બીજા સાધુઓ સાથે ઝઘડાનું આ પણ એક કારણ હતું.

સન ૧૯૦૬ સુધીમાં તો શાસ્ત્રી મહારાજ તરફ પૂજ્યભાવ રાખનારાઓનું સત્સંગી મંડળ ઘણું મોટું થયું હતું. સોજિત્રામાં શ્રી ઝવેરભાઈ વિઠ્ઠલભાઈ, જીવાભાઈ વકીલ અને પ્રભુદાસ વકીલ એમના તરફ અનન્ય મમતા રાખતા હતા. તે જ પ્રમાણે આણંદમાં શ્રી કેશવલાલ પ્રાગજી અને સોખડામાં શ્રી ત્રિભોવનદાસ પણ એમના પટ્ટ શિષ્યો હતા.

મને યાદ છે તે પ્રમાણે, સન ૧૯૦૬માં સમૈયા વખતે બધા વડતાલમાં ભેગા થયા હતા. અમારું વિદ્યાર્થીઓનું મિત્રમંડળ પણ તે વખતે હાજર હતું. સાધુઓના ઉતારામાં સવારના નવ-દસના સુમારે પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ વાતો કરી રહ્યા હતા. સત્સંગીઓની પણ ઠીક ઠીક સંખ્યા હતી. તે વખતે

એક સાધુએ મરચાંની ધૂણી કરી અને બધા ઉધરસ ખાવા લાગ્યા. તે વખતે શાસ્ત્રીજીને મારી નાખવાની પણ ધમકીઓ મળી હતી. આથી બધા સત્સંગીઓએ શાસ્ત્રીજી મહારાજને વડતાલ છોડવાનો ખાસ આગ્રહ કર્યો. તેથી તેઓ વડતાલથી નીકળીને સૌપ્રથમ સોજિત્રા ગયા. સોજિત્રામાં નવાં ઘરોના ચોરામાં શાસ્ત્રીજી મહારાજનો મુકામ હતો. તે વખતે તેમની સાથે શ્રી જેઠાભાઈ કોઠારી પણ વડતાલથી નીકળીને આવ્યા હતા. શ્રી જેઠાભાઈએ તે વખતે પૂજ્ય શાસ્ત્રીજી મહારાજને સાથ આપવા ભગવાં પહેરી લીધાં અને નિર્ગુણદાસજી નામ ધારણ કર્યું. આસ્તે આસ્તે બીજા અનેક ભક્તો સાધુ થયા અને એમણે ગામોમાં ફરવા માંડ્યું.

આ સમયે શ્રી શાસ્ત્રી મહારાજે કાયમનું કાંઈક સ્થાન થવું જોઈએ એમ વિચાર્યું અને એ સ્થાન બોચાસણમાં કરવું એમ ઠરાવ્યું. સન ૧૯૦૭ની સાલમાં બોચાસણના મંદિરનો પાયો નંખાયો. સન ૧૯૦૮ની સાલથી હું પૂનાની એન્જિનિયરિંગ કોલેજમાં દાખલ થયો અને પછી તો સરકારી નોકરીમાં પેઠો જેથી શાસ્ત્રી મહારાજનો પ્રત્યક્ષ પરિચય તો ઘણો ઓછો રહેતો. પણ એમના તરફથી જે સંસ્કાર મળ્યા, તે સંસ્કારની અસર જીવનભર રહી છે. ભર્તૃહરિ લખે છે :

'संतप्तायसि संस्थितस्य पयसो नामापि न श्रूयते,
मुक्ताकारतया तदेव नलिनीपत्रस्थितं राजते ।
स्वात्यां सागरशुक्तिमध्यपतितं तन्मौक्तिकं जायते,
प्रायेणाधममध्योत्तमजुषामेवं विधा वृत्तय: ॥'

તપેલા લોઢા પર પાણીનું ટીપું પડે તો એનું નામનિશાન રહેતું નથી. એ જ પાણીનું ટીપું જો કમળપત્રો ઉપર પડે તો મોતી જેવું દેખાય છે, અને એ જ ટીપું જો સ્વાતિ નક્ષત્રમાં માછલીના મોંમાં પડે તો તેનું ઉત્તમ કીમતી મોતી થાય છે. ખરી વાત તો એ છે કે માણસને કનિષ્ઠ, મધ્યમ કે ઉત્તમ, જેવા સંગ થાય છે તેવું તેનું ઘડતર થાય છે, અને તેથી જ કહ્યું છે કે 'सत्संगति: कथय किं न करोति पुंसाम्' સારો સંગ એ માણસને માટે શું કરતો નથી? દરેક રીતે એ માણસને ઊંચો લાવે છે. મારા જેવા અનેક માણસોનું ઘડતર શાસ્ત્રીજી મહારાજનાં વચનામૃતોથી થયેલું છે.

પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ વૃદ્ધ ઉંમર છતાં, વલ્લભ-વિદ્યાનગરની સ્થાપના થઈ ત્યારે આવી ગયેલા. વલ્લભ-વિદ્યાનગરની યોજનાથી એમને સંતોષ થયેલો અને મુક્તમને આશીર્વાદ આપેલા. મારી છેલ્લી મુલાકાત તો મુંબઈમાં શ્રીનંદાજીના બંગલે થઈ હતી, જ્યારે તેમની તબિયત નરમ હતી, પરંતુ મોટા આનંદની વાત તો એ છે કે પૂજ્ય ગુણાતીતાનંદ સ્વામીથી ચાલી આવેલી પરંપરા હજુ ચાલે છે ! ◆